Gujarat Chamber of Commerce & Industry
ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

Natubhai Patel
President
Hemant N. Shah
Sr. Vice President
K. I. Patel
Vice President
Pathik S. Patwari
Hon. Secretary
V. P. Vaishnav
Hon. Secretary (R)
Sachin K. Patel
Hon. Treasurer

૨૮ નવેમ્બર, ૨૦૨૦/16678

**શ્રી વિજયભાઇ રૂપાણી**
*માનનીય મુખ્યમંત્રીશ્રી*
ગુજરાત રાજ્ય, સ્વર્ણિમ સંકુલ-૧
નવા સચિવાલય
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

**માનનીય શ્રી વિજયભાઇ,**

**વિષયઃ સરેરાશ દૈનિક ૨૦ કરતાં ઓછા કોવિડ પોઝીટીવ કેસ હોય તેવા જીલ્લાઓમાં સામાજીક/ લગ્નપ્રસગોમાં ૨૦૦ વ્યક્તિ સુધીની છુટ યથાવત રાખવા બાબત.**

આપની કુશળતા ઇચ્છુ છું.

રાજ્યમાં COVID-૧૯ ની પરિસ્થિતિને ધ્યાનમાં લઇને હાલમાં આપશ્રી દ્વારા સામાજીક/લગ્ન પ્રસંગોમાં ૨૦૦ વ્યક્તિ સુધીની છુટ ના બદલ ફેરફાર કરીને ૧૦૦ વ્યક્તિ સુધી કરવામાં આવેલ છે. COVID-19 ની પરિસ્થિતિને જોતાં આપશ્રી દ્વારા આ નિર્ણય લેવાયો છે તે આવકાર્ય છે.

પરંતુ આ નિર્ણય અમલમાં આવે તે પહેલાં લગ્ન પ્રસંગોની કંકોત્રી/ આમંત્રણ ૨૦૦ વ્યક્તિ પ્રમાણે આપી દીધેલ હોવાથી સામાજીક તેમજ નાણાકીય પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે. વધુમાં મંડપ, લાઇટ ડેકોરેશન, હોલભાડા વિગેરે યથાવત રહે છે જેથી વધારાની આર્થિક નુકશાની ભોગવવી પડે તેમ છે.

અમારું નમ્ર સૂચન છે કે જે જીલ્લાઓમાં સરેરાશ દૈનિક ૨૦ કરતાં ઓછા કોવિડના કેસ આવતા હોય તેવા જીલ્લાઓમાં સામાજીક/ લગ્ન પ્રસંગમાં ૨૦૦ વ્યક્તિ સુધીની છુટ યથાવત રાખવી જોઇએ અને તે અંગેનું નોટીફીકેશન બહાર પાડવું જોઇએ.

આ નિર્ણયથી એક બાજુ COVID-19 સંક્રમણને કાબુમાં રાખવાના ધ્યેય પણ સચવાશે અને બીજી બાજુ ઘણાં જીલ્લાઓમાં નાના કે મધ્યમ વર્ગના વ્યક્તિઓ કે જેમણે ૨૦૦ વ્યક્તિ પ્રમાણે તૈયારી કરી દીધી હોય તેમને આર્થિક નુકશાન વેઠવું પડે નહીં તથા વેપાર-ધંધાને પણ નુકશાન ના થાય.

આપના સકારાત્મક નિર્ણયની અપેક્ષા સહ,

આપનો વિશ્વાસુ,

**નટુભાઇ પટેલ**
**પ્રમુખ**

**નકલ રવાના :**

**શ્રી પ્રદિપસિંહજી જાડેજા,** *માનનીય મંત્રીશ્રી,* ગૃહ અને ન્યાય વિભાગ, ત્રીજો માળ, સ્વર્ણિમ સંકુલ-૨, નવા સચિવાલય, ગાંધીનગર-૩૮૦૦૧૦.

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA. | +91 - 79 - 2658 2301-2-3-4 | gcci@gujaratchamber.org | www.gujaratchamber.org